

# દલાશેઠનું પોટલું

એક સમયની વાત છે.

રાજપરના ઠાકોરે મિયાં ફુસકીને માલપુર મોકલ્યા.

માલપુરમાં લવજીશેઠ રહેતા હતા. તેમની પાસેથી એક હજાર રૂપિયા લઈ આવવાના હતા.

મિયાંને ઠાકોરે કહી દીધું કે મોડું ના કરશો. લવજીશેઠ રૂપિયા આપી દે એટલે તરત જ પાછા આવજો.

આમ વાત થાય છે એટલામાં તભા ભટ આવી ગયા.

મોજથી મિયાં બોલ્યા : “વાહ ભટજી વાહ! હું હમણાં જ તમને સંભારતો હતો કે તમે આવી ગયા. લો ચાલો.”

ભટજી કહે : “ક્યાં?”

મિયાં કહે : “લાડવા ખાવા.”

ભટજી કહે : “તમે જાઓ. અમારે લાડવા નથી ખાવા. નકામી આવી વાતો ના કરવી.”

મિયાં નવાઈથી મોઢું પહોળું કરીને બોલ્યા : “લો, આ નકામી વાત છે? લાડવાની વાત નકામી?”



ઠાકોરે મિયાંને કહ્યું : "નકામી તો ખરી જ ને! લાડવા ખાવા માલપુર જવાનું નથી. ભટજીને સાથે લઈ જવા હોય તો એમ જ કહો કે આપણે બન્ને સાથે જઈએ."

મિયાં કહે : "નનનનના, ભટજી વિના તો અમે ભગવાન બોલાવે તોય એકલા ના જઈએ. ભટજી તો સાથે આવશે જ. હા, અમે સિપાઈબચ્ચા!"

ઠાકોર કહે : "તો એમ કહો. એમાં લાડવા ખાવા જવાની વાત શીદ કહો છો?"

મિયાં કહે : "એ વાત ખોટી નથી. લાડવા તો ખાવાના છે જ. એ કામ પહેલું થશે અને રૂપિયા પછી મળશે. પૂછો કે કેવી રીતે?"

ભટજી કહે : "હા, પૂછ્યું. લો, કહો, કેવી રીતે?"

મિયાં કહે : "તે એવી રીતે કે લવજી શેઠને ત્યાં કોઈ વેપારી કે મોટા ઘરાક જાય તેને લકડશી લાડુ અને ગાંઠિયા ખવડાવે છે. એ વિના પાછા જવા દે જ નહીં."

ઠાકોર કહે : "હા, એ વાત સાચી."

મિયાં કહે : "તો બસ, અમે કહીએ એ ઠીક જ કહીએ. હા, અમે સિપાઈબચ્ચા!"

ઠાકોરે તભા ભટને કહ્યું : "તમે સાથે જાઓ તો સારું. એકથી બે ભલા."

ભટજી અને મિયાં ફુસકી ચાલતા થયા.



ગામના દરવાજા બહાર ગયા તો માલપુરને મારગે હરજી પટેલનું બળદગાડું જતું દેખાયું.

મિયાંએ બૂમ પાડી : “ઓ હરજી પટે...લ! ગાડું ઊભું રાખો. અમે પણ આવીએ છીએ.”

હરજી પટેલે ગાડું ઊભું રાખ્યું. ગાડામાં બે પીપ હતાં.

ભટજી કહે : “ડીઝલ તેલ લેવા જાઓ છો ને?”

હરજી પટેલ કહે : “આ બે પીપડાં ખાલી થઈ ગયાં છે એટલે એ પાછાં આપી દેવાં છે અને તેલ ભરેલાં બે નવાં પીપડાં લાવવાનાં છે.”

મિયાં કહે : “સરસ, ઘણું સરસ. કૂવા પર બે પંપ ચલાવો છો એટલે બે પીપ તો ઝટ વપરાઈ જાય. ચાલો, ખાલી પીપ સાથે અમે પણ બેસી જઈએ. અમારે પણ માલપુર જવું છે. અમે પણ ખાલી જ છીએ. ભટજી પાસે એક નવો પૈસો પણ હોતો નથી.”

હરજી પટેલ કહે : “બેસી જાઓ. આપણે કાંઈ પૈસો લેવાના નથી. અને ભટજી કે તમારી પાસેથી તો ના જ લેવાય.”

મિયાં ફુસકી અને તભા ભટ ગાડામાં બેસી ગયા. ત્યાં પાછળથી બૂમ સંભળાણી.



પાછળ જોયું તો દલાશેઠ ઘોડા પર ચડીને આવતા દેખાયા.

ભટજી કહે : "દલાશેઠ પણ માલપુર આવતા હશે."

ગાડા પાસે દલાશેઠ આવી ગયા અને બોલ્યા : "માલપુર જાઓ છો ને?"

ભટજી કહે : "હા, આ હરજી પટેલ ખાલી પીપ લઈને જાય છે. અમારે માલપુર જવાનું છે એટલે ગાડામાં બેસી ગયા."

દલાશેઠ હરજી પટેલને કહે : "ભાઈ હરજી! એક-બે મિનિટ ગાડું ઊભું રાખો."

મિયાં કહે : "કાં?"

દલાશેઠ ચિડાઈને બોલી ગયા : "કાં ને ફાં એ તમારે પૂછવાનું નથી. એ પૂછનારા હરજી પટેલ છે."

મિયાં ફુસકી ચૂપ થઈ ગયા.

દલાશેઠે હરજી પટેલ સામે જોઈને વાત કહી : "હું પણ માલપુર જાઉં છું. તમારું ગાડું પણ માલપુર જાય છે તો પછી હું ગાડામાં આવું. આ ઘોડા પર ચડીને નકામો શીદ જાઉં. ઘોડાને ઘરે મૂકીને હમણાં પાછો આવું છું."

હરજી પટેલ કહે : "ભલે, પણ ઝટ આવો."

તરત જ દલાશેઠે ઘોડો પાછો વાળી દીધો અને દોડાવતાં ઘરે જવા ઊપડી ગયા.

મિયાં કહે : "દલાશેઠ પાકા વેપારી છે. એક એક પાઈનો હિસાબ કરે એવા લોભિયા છે."

ભટજી કહે : "કોઈના અવગુણ બોલવા નહીં. પોતાના લાભની વાત બધાને ગમે."



વેપારીનો દીકરો બડો હિસાબી હોય.

મિયાં અને ભટજી સાથે હરજી પટેલ આવી વાતો કરે છે એટલી વારમાં ઘોડો ઘરે મૂકીને દલાશેઠ દોડાદોડ પાછા આવી ગયા અને ગાડામાં બેસી ગયા. પછી તો મિયાં ફુસકી ચૂપ રહે જ શાના? તભા ભટે સાફ કહેલું કે દલાશેઠ સાથે તમારે વાદવિવાદ કરવો નહીં, પણ મિયાં માને નહીં. દલાશેઠ વાતવાતમાં ચિડાય અને મિયાં ફુસકી હસે.

આમ આનંદવિનોદમાં માલપુર આવી ગયું. ગાડું ઊભું રહી ગયું.

દલાશેઠ, ભટજી અને મિયાં ફુસકી ગાડામાંથી નીચે ઊતરી ગયા.

દલાશેઠે હરજી પટેલને વાત પૂછી : "હવે ગાડું પાછું લઈ જવામાં કેટલી વાર લાગશે?"

હરજી પટેલ કહે : "કલાક-દોઢ કલાક થશે. અડધો કલાક બળદને થાક ખાવા દેવો પડશે. એમ બે કલાક પછી મારું ગાડું ચાલશે."

દલાશેઠ કહે : "તો તો ઘણું સરસ. મારું કામ તો એક કલાકમાં પૂરું થઈ જશે. તમારું ગાડું ગબડશે એ પહેલાં હું આ દરવાજા પાસે આવી જઈશ. મારી રાહ નહીં જોવી પડે."

મિયાં બોલી ઊઠ્યા : "અને અમારી રાહ તો જોશો જ નહીં."

ભટજી ચિડાઈ ગયા અને મિયાં સામે જોઈને કહે : "કેમ રાહ ના જુએ?"

મિયાં કહે : "આપણે લાડવા ખાવાના છે."



ભટજી કહે : “હરજી પટેલ, મિયાં ભલે ગમે એ કહે, પણ અમે બે કલાકની અંદર આવી જઈશું.”

હરજી પટેલ કહે : “તો બસ. મારું ગાડું એ પહેલાં ચાલવાનું નથી.”

દલાશેઠ ગયા તેમના કામે.

તભા ભટ અને મિયાં ફુસકી લવજીશેઠના ઘરે ગયા.

ઠાકોરના માણસ આવે એટલે લવજીશેઠ હેતથી આવકારે જ.

“રૂપિયા એક હજાર લેવા આવેલા છીએ.” એ વાત મિયાં ફુસકીએ કહી.

લવજીશેઠે સો સો રૂપિયાની કડકડતી દસ નોટ તૈયાર રાખી હતી.

ભટજી કહે : “તો લાવો આપી દો. અમે ચાલતા થઈએ. વહેલા વહેલા ઘરે પહોંચી જઈએ.”

લવજીશેઠ કહે : “ના ભટજી! એમ વહેલા વહેલા ના જવાય. અને જવું હોય તો જઈને બેઠકમાં નાસ્તો કરી લો. બામણિયા લાડુ બનાવ્યા છે. ગાંઠિયા પણ બનાવ્યા છે.”

ભટજી કહે : “હજી ભૂખ નથી લાગી.”



મિયાં હળવેથી કહે : "લાડુ જોશો કે તરત જ ભૂખ લાગશે. ચાલો, થાઓ ઊભા, એમાં વાર નથી કરવી."

લવજીશેઠે જુદો એક ઓરડો રાખેલો. તેમનો ઘણો મોટો વેપાર હતો. મોટા મોટા વેપારીઓ અને ખેડૂતો માલ વેચવા-ખરીદવા આવતા. એ બધાને પેલા ઓરડામાં બેસાડીને લાકડશી લાડુ અને ગાંઠિયાનો નાસ્તો કરાવતા હતા. મિયાં ફુસકી અને તભા ભટે મોજથી લાડુ અને ગાંઠિયા ખાધા, પાણી પીધું અને લવજીશેઠને નમસ્તે કીધા. લવજી શેઠે એકસો રૂપિયાની દસ નોટ એક કવરમાં નાખીને ભટજીને આપી દીધું.

મિયાંએ ઝડપથી કવર ખેંચી લીધું.

ભટજી કહે : "કાં કાં?"

મિયાં કહે : "કાં કાં બોલે કાગડા. રૂપિયા સોની નોટ કોઈએ કદી તમને આપી છે? અને ક્યારેય સો સોની આટલી નોટો તમે સાચવી છે? એ કામ તમારું નહીં. રૂપિયા સો સોની નોટો સાચવવાનું કામ અમારું છે. હા, અમે સિપાઈબચ્ચા!"

લવજીશેઠ હસી પડ્યા.

મિયાંએ નોટોનું કવર બંડીના ગજવામાં મૂકી દીધું.



પછી કહે : "ચાલો ભટજી! હવે વાર કરવી નથી. પેલો હરજી પટેલ ગાડું લઈને જતો રહેશે તો તમારે ટાંટિયા ઘસવા પડશે."

લવજીશેઠને નમસ્તે કરીને મિયાં અને ભટજી ચાલતા થયા.

દરવાજે ગયા. દલાશેઠ વહેલા આવી ગયા છે. મોટું પોટલું મૂકીને બેઠા છે. ઘણો માલ ખરીદેલો હતો.

ભટજી કહે : "કાં?"

દલાશેઠ ગુસ્સાથી બોલ્યા : "હું ક્યારનો બેઠો છું. પેલો હરજી પટેલ હજી ગાડું લઈને આવ્યો નથી."

હરજી પટેલ બડો ચાલાક હતો. બીજા દરવાજે થઈને ગાડું લઈને ગયો હતો. દલાશેઠ રાહ જોતા બેસી રહ્યા. એવામાં રાજપરનો લખો વાળંદ આવ્યો. તેણે સમાચાર આપ્યા કે હરજી પટેલનું ગાડું પોતાને સામું મળ્યું.

દલા શેઠ કહે : "ક્યાં?"

લખો કહે : "બહુ દૂર નથી ગયું. નજીક જ મારગમાં ચાલ્યું જાય છે."

દલાશેઠ બોલ્યા : "ભટજી! આપણે દોડાદોડ જઈએ. હરજીનું ગાડું પકડી પાડીએ. હરજી આપણને છોડીને જાય?"

ભટજી કહે : "તો ચાલો."

દલાશેઠ પોટલા સામે જોઈને બોલ્યા : "પણ આ પોટલાનું શું કરવું?"

મિયાં કહે : "ઉપાડી લો માથા ઉપર."



દલાશેઠ ચિડાઈને બોલ્યા : "આવડું મોટું પોટલું ઊંચકીને ચલાય શી રીતે?"

મિયાં કહે : "ના કેમ ચલાય? ઘી-દૂધ ખાધાં હોય તો આવડાં બે પોટલાં ઊંચકીને દોડી શકીએ."

દલાશેઠ કહે : "તમે ખાધાં છે?"

મિયાં કહે : "અમે તો પેટ ભરી ભરીને ઘી-દૂધ ખાધાં છે. આવાં એક તો શું ચાર પોટલાં ઊંચકીને દોડી શકીએ."

દલાશેઠ હસી પડ્યા.

મિયાં કહે : "શું અમે ખોટી બડાઈ મારીએ છીએ?"


દલાશેઠ કહે : "સાચું બોલ્યા હો તો લો, આ અમારું એક જ પોટલું ઊંચકીને ચાલો. તો વાત ખરી."

મિયાં બોલ્યા : "તો ચાલીએ."

આમ બોલીને મિયાં ફુસકીએ દલાશેઠનું પોટલું ઊંચકીને પોતાના માથા ઉપર મૂકી દીધું.

ભટજી ગુસ્સાથી બોલ્યા : "આવા મૂર્ખાઈના ધંધા શીદ કરો છો?"

મિયાં બોલ્યા : "તમતમારે ચૂપચાપ ચાલ્યા આવો. અમે ખોટી બડાઈઓ નથી મારતા. હા, અમે સિપાઈબચ્ચા!"



દલાશેઠને બડો આનંદ થયો. વાત વાતમાં મિયાં ફુસકીને ચડાવી માર્યા અને પોટલું ઊંચકાવ્યું.

મિયાં ફુસકી પોટલું ઊંચકીને દોડાદોડ ઊપડ્યા.

દલાશેઠ અને તભા ભટ પાછળ પાછળ ચાલવા લાગ્યા. ભટજીથી દોડાદોડ ચલાય નહીં.

દલાશેઠ બોલ્યા : "ભટજી! તમતમારે મોજથી ધીમા ચાલો. હું સાથે જ ચાલીશ. હવે તમે જ કહો કે મિયાં મૂરખો ખરો કે નહીં? બડાઈમાં ને બડાઈમાં તે પોટલું લઈને ભાગ્યો છે."

ભટજી કહે : "પણ તમે તેમને નકામા ચડાવી દીધા."

આમ વાતો કરે છે અને દલાશેઠ મોજથી ભટજી સાથે ચાલ્યા આવે છે.

જતાં જતાં મિયાં ફુસકી થાક્યા. પરસેવો વળી ગયો, પણ હરજી પટેલનું ગાડું દેખાયું નહીં. મિયાંએ પોટલું મૂક્યું નીચે અને બેસી પડ્યા. થોડી વાર થઈ કે ભટજી અને દલાશેઠ આવી ગયા.

દલાશેઠ ચિડાઈ ગયા.

બોલ્યા : "કરી ને મૂર્ખાઈ? જુઓ ભટજી! નકામી ખોટી બડાઈઓ હાંકે એવા મૂરખાઓનો તોટો નથી હોતો. હવે પોટલું કોણ ઊંચકશે?"

મિયાં કહે : "જેનું પોટલું હોય તે ઊંચકે."

દલાશેઠથી પોટલું ઊંચકાય એમ નહોતું. રીસથી બોલ્યા : "તો ખોટી બડાઈ શીદ હાંકી?"

આમ વાતો કરે છે ત્યાં એક ભાઈ આવી પહોંચ્યા. તેમણે પૂછ્યું : "શાની બડાઈ છે?"



દલાશેઠે વાત કહી : “આ પોટલું ઊંચકીને પોતે દોડતા જઈ શકે છે એવી બડાઈ મારીને આ મિયાં અહીં અધવચ બેસી પડ્યા.”

પેલો ભાઈ કહે : “એમાં બડાઈ ભલે હાંકી, પણ વાત ખોટી નથી. આવડું પોટલું ઊંચકીને દોડવું એમાં કોઈ મોટી વાત નથી.”

દલાશેઠે વિચાર કર્યો કે આ પણ કોઈ બડાઈખોર લાગે છે. ઠીક થયું કે તે આવી ગયો. તેનેય જરા ચગાવીએ અને મફતમાં પોટલું ઊંચકાવીએ.

આમ વિચારીને દલાશેઠે કહ્યું : “તમેય શું નકામી બડાઈ હાંકો છો? આવડું પોટલું લઈને કોઈ દોડતું જઈ શકે ખરું?”

પેલો બોલ્યો : “ના કેમ જઈ શકે?”

દલાશેઠ બોલ્યા : “તો શું તમે જઈ શકો?”

પેલો કહે : “હા... હા... આ તો શું, આથી બમણું પોટલું હોય તો એ પણ હું ઊંચકીને દોડતો જાઉં.”


દલાશેઠને મનમાં આનંદ થયો કે આ બીજો મૂરખો મળી ગયો.

આમ વિચારીને દલાશેઠે કહ્યું : “અમારા આ મિયાં ફુસકી જેવી ખોટી બડાઈ ના હાંકશો હોં ભાઈ?”

પેલો કહે : “ખોટી બડાઈ હાંકે તે બીજા.”

દલાશેઠ કહે : “તો ઊંચકી લો પોટલું. જોઈએ કે કેવાક ઊંચકી જાઓ છો?”

પેલો કહે : “તો લો જુઓ.”



આમ બોલીને પોટલું ઊંચકીને લીધું, માથે મૂકી દીધું અને ચાલવા માંડ્યો.

દલાશેઠ બોલ્યા : "આગળ આગળ હરજી પટેલનું ગાડું જતું હશે. એ મળે તો ગાડામાં પોટલું મૂકી દેજો."

પેલો બોલ્યો : "કંઈ વાંધો નહીં. ગાડામાં જ પોટલું જશે."

ભટજી બોલ્યા : "દલાશેઠ, આ તમે ખોટું કરો છો."

દલાશેઠ બોલ્યા : "ભટજી, આ તો અમારી ચતુરાઈ છે. આ કોઈ બડો બડાઈખોર મળી ગયો. તેની પાસે મફતમાં પોટલું ઊંચકાવીએ છીએ."

દલાશેઠ બડા આનંદમાં ચાલવા લાગ્યા. મિયાં ફુસકીની મશ્કરી પણ કરતા ગયા. ચાલતાં ચાલતાં ઠેઠ રાજપરની નજીક પહોંચી ગયા, પણ હરજી પટેલનું ગાડું તો દેખાયું નહીં.

ભટજી બોલ્યા : "હરજી પટેલનું ગાડું તો દેખાયું જ નહીં. પેલો ભાઈ પોટલું લઈને આગળ ક્યાં પહોંચી ગયો હશે કે તે પણ દેખાતો નથી?"

દલાશેઠ કહે : "તે મૂરખો દોડતો ગયો છે. હરજી પટેલના ગાડાને પહોંચી ગયો હશે. ગાડામાં પોટલું મૂકી દીધું હશે. પછી આપણી રાહ શા માટે જુએ? હરજી પટેલ આપણા પહેલાં ગાડું લઈને રાજપરમાં પહોંચી ગયો હશે."



રાજપરનો દરવાજો આવી ગયો.

દલાશેઠ ઘરે ગયા. શેઠાણીને પૂછ્યું : "પોટલું આવી ગયું?"

શેઠાણી કહે : "શાનું પોટલું?"

દલાશેઠ કહે : "હરજી પટેલ ગાડામાં લઈ આવ્યો નથી?"

શેઠાણી કહે : "ના."

ના સાંભળતાં જ દલાશેઠ દોડ્યા. હરજી પટેલના ઘરે ગયા. ગાડું છોડીને હરજી પટેલ ખાટલામાં બેઠા હતા.

દલાશેઠ બોલ્યા : “પોટલું ક્યાં?”

હરજી પટેલ કહે : “શાનું પોટલું?”

દલાશેઠ કહે : “એક ભાઈ અમારું પોટલું લઈને દોડતા આવ્યા હતા ને? ગાડામાં પોટલું નથી મૂકી ગયા?”

હરજી પટેલ કહે : “એવું તો કોઈ આવ્યું નહોતું અને પોટલું ગાડામાં મૂકી ગયું નથી.”

દલાશેઠે ઘણી દોડાદોડી કરી, પણ પોટલાવાળાનો પત્તો ન લાગ્યો.

ભટજીએ દલાશેઠને કહ્યું : “મફતમાં પોટલું ઊંચકવાના લોભમાં તમે છેતરાયા.”


દલાશેઠ પસ્તાયા. મફતમાં પોટલું ગયું. પેલો પોટલું લઈને નાસી ગયો હતો.

દલાશેઠ છેતરાઈ ગયા.

આમ દલાશેઠે પોટલું ખોયું.

વાત થઈ પૂરી.





# પ્રભુની માયા

એક વાર બડી ગમ્મત થઈ. તભા ભટ બેઠા હતા. ગામના ચોરે બેઠેલા. દલાશેઠ ત્યાં થઈને નીકળ્યા. ભટજીને એકલા જોઈને પોતે ઊભા રહ્યા.

ભટજી : “બેસો ને શેઠ!”

દલાશેઠ કહે : “બેસવું નથી, પણ એક વાત કહેવી છે.”

ભટજી કહે : “એકની બે વાત કહો.”

દલાશેઠે કહ્યું : “તમે મિયાંને સમજાવો કે મારો પીછો છોડી દે. મને હેરાન ના કરે. ફજેતીના ફાળકા કરે છે.”

ભટજી કહે : “તમેય શેઠ એવું કરો છો ને! જરા લોભ ઓછો રાખો.”

વાત અહીં અટકી ગઈ. જહમત કુંભાર અને કાનો વાળંદ આવી પહોંચ્યા. પેલી બાજુ મોહન ઠક્કર અને જીવણ મેરાઈ આવ્યા. પછી તો અલકમલકની વાતો ચાલી! દલાશેઠને પણ મજા પડી અને મંડળીમાં ભળી ગયા. વાતમાંથી વાત નીકળી કે ભગવાન બચાવે તેનો વાળ વાંકો ન થાય એવી પ્રભુની માયા છે.



દલાશેઠ કહે : “ભઈ, ઉપરથી પાંચ મણનો પથરો પડે તોય કંઈ ના વાગે.”

“ન કેમ વાગે?” પાછળથી કોઈ બોલ્યું.

બધાએ ચમકીને પાછળ જોયું. એ હતા મિયાં ફુસકી. બરાબર મોકા પર આવી ગયા. દલાશેઠનું બોલવું અને મિયાં ફુસકીનું આવવું. દલાશેઠની વાત સાંભળી કે મિયાં ફુસકી બોલી ઊઠ્યા. દલાશેઠે વાત પણ એવી કહી કે મિયાં ફુસકીથી બોલ્યા વિના રહેવાયું નહીં.

“આવો આવો મિયાં ફુસકીચાચા, પધારો! તમારા વિના બધી મજા ફિક્કી હતી!” સૌ બોલી પડ્યા.

મિયાં બોલ્યા : “રાખ ને ધૂળ મજા! ગપ તો એવું મારીએ કે બીજા સાચું માની જાય. એનું નામ મજા.”

આમ કહીને દલાશેઠ સામે જોયું અને આંખ મીંચકારી. એટલે દલાશેઠને સંભળાવ્યું કે તમે બોલો છો એ ગપ છે.

દલાશેઠે કહ્યું : “એ કામ અમારાં નહીં. અમે ગપ ના મારીએ.”

મિયાં કહે : “તો શું વાઘ મારો છો?”

